# સર્વ શિક્ષા અભિયાન –ભુજ(કચ્છ)

સી.આર.સી.કોટડા (ચકાર)

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે, સૌ આગળ વધે

# ટી.એલ.એમ. ગ્રાન્ટ -૨૦૧૩/૧૪

શ્રી કોટડા સી.આર.સી.તા:ભુજ,જિ:(કચ્છ)

।। करिष्ये वचनं तव ।।

નમસ્કાર ............

સર્વ શિક્ષા અભિયાન મિશન –ગાંધીનગર દ્વારા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નૂતન આયામો અને અધ્યાપનકાર્ય અસરકારક બની શકે તે માટે દરેક જૂથ સંશોધન કેન્દ્ર ને ટી.એલ.એમ બનાવવા માટે વાર્ષિક રૂપિયા ૩૦૦૦/(ત્રણ હજાર ) નું અનુદાન આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૩/૧૪ માં સી.આર.સી. કોટડા (ચકાર) દ્વારા બાળકો ને ઉપયોગી અને શિક્ષકો ને મેથડોલોજી માં મદદરૂપ થાય તેવા અધ્યયન અધ્યાપન સાધન સામગ્રી નું નિર્માણ કરવામાં આવ્યું . આ માટે શિક્ષક સજ્જતા તાલીમ દરમિયાન તજજ્ઞ શિક્ષકો ની મદદથી ટી.એલ.એમ. નિર્માણ કરી ને શાળાઓ ને ઉપયોગી થાય તે માટે તેમણે અર્પણ કરવામાં આવ્યા .આ વખતે “ઇકો ફ્રેન્ડલી ” થીમ હેઠળ ૮ જેટલા ટી.એલ.એમ. નું નિર્માણ કરવામાં આવ્યું . આ કાર્ય માં ઉપયોગી થયેલા શીતલબેન પટેલ ,સ્નેહલતાબેન સથવારા ,મિતલબેન પટેલ ,નીતિનભાઈ પટેલ, રમેશભાઈ ચૌધરી , ગીતાબેન પટેલ , સૌનો આભાર માનું છુ .

આ સાધનો ની ટૂંકી સમજ આ સાથે સામેલ છે .

મયુર ભાનુશાલી ,
સી.આર.સી.કો.ઓ.કોટડા (ચકાર)



૧.

ટી.એલ.એમ. નું નામ : રોબોટ

વિષય :વિજ્ઞાન અને ટેકનોલોજી

સાધન સામગ્રી :થર્મોકોલ ,રંગીન કાગળ ,સેલોટેપ ,કાર્ડસીટ,મોટર ,સેલ ,લેમ્પ લાઈટ ,માર્કર પેન .

ટી.એલ.એમ બનાવવાની રીત :સૌ પ્રથમ કાર્ડસીટ  નું કટિંગ કરી ચોરસ બોક્ષ બનાવવું .તેના પર રંગીન કાગળ લગાવવો .થર્મોકોલ માંથી રોબોટના હાથ અને પગનું કટિંગ કરવું .અને કાર્ડ સીટ અને રંગીન કાગળ લગાવવા .હાથમાં નકામી બોલપેન નું ખોખું લગાવવું .તેને સેલોટેપથી સેટ કરવું .પગની બને બાજુ લાઈટ લગાવવી .માથું બનાવવા માટે નકામું પ્લાસ્ટીકનું ખોખું લઇ તેના પર મોઢાનો આકાર આપવો .ત્યાર બાદ હાથ-પગ પર ચોરસ બોક્ષ નું સેટિંગ કરવું .બોક્ષ ના  પાછળના ભાગે મોટર લગાવી સેલ નાખવા .ત્યાર બાદ બે નાના વાયર બહાર નાં ભાગે રાખવા, લો,થઇ ગયું રોબોટ તૈયાર .........

ઉપયોગીતા:ઉર્જા નો બંધ પરિપથ ,વિદ્યુત શક્તિનું ગતિ ઉર્જા,પ્રકાશ ઉર્જા માં  માં રૂપાંતર નો સિધાંત સમજાવી શકાય .

૨.

ટી.એલ.એમ. નું નામ : સપ્તર્ષિ તારા જૂથ

વિષય:ગણિત-વિજ્ઞાન ટેકનોલોજી

ધોરણ:૫

સાધન સામગ્રી :ચાર્ટ પેપર ,પૂઠું ,સ્કેચ પેન ,બલ્બ, હોલ્ડર ,વાયર ,પેન્સિલ ,રબર ,ખોખું ,રંગીન કાગળ .

ટી.એલ.એમ બનાવવાની રીત:એક ખોખું લઇ તેની એકબાજુ પેન્સિલ વડે  સપ્તર્ષિ તારાજુથ  દોરો .ત્યારબાદ તેના તારાઓને યોગ્ય આકારમાં કાપી કાના પાડો .ત્યાર બાદ ખોખાની સામેની બાજુએ મોટું કાણું પડી બલ્બ હોલ્ડર ગોઠવો. તેને વાયર વડે જોડાણ કરી પ્લગ સાથે પીન જોડો .તારાના કાણાઓ પર સપ્તર્ષિનાં સાત તારાઓને ઋષિઓના નામ લખી નામ નિર્દેશિત કરો .

ત્યાર બાદ ખોખા પર કળા રંગનો રંગીન કાગળ ગુંદરની મદદથી ચીપકાવો .

ઉપયોગીતા : આકાશ દર્શન અને તારાઓના સ્થાન અંગે સમજાવી શકાય .

૩. ટી.એલ.એમ. નું નામ : આપણા વ્યવસાયકારો

વિષય:પર્યાવરણ

ધોરણ : ૧ થી ૫

સાધન –સામગ્રી :જાડા પૂંઠા ,ચાર્ટ પેપર ,રંગીન કાગળ ,વ્યવસાયકારો નાં ફોટા ,સ્કેચ પેન ,સ્ક્રુ .

ટી.એલ.એમ બનાવવાની રીત:સૌ પ્રથમ ચોરસ પૂંઠાનું કટિંગ કરો .ત્યાર બાદ તેની પાછળના ભાગે લગાવવા માટે પૂંઠા માંથી ગોળ વર્તુળ માપ લઇ કટિંગ કરવું .પૂંઠા પર રંગીન કાગળ અને કાર્ડશીટ લગાવવી .પછી વ્યવસાયકારો નાં અને તેની વિરુધ્ધ દિશામાં નામ લખવા .ત્યારબાદ ચોરસ પૂંઠાની પાછળ ગોળ વર્તુળનો ભાગ જેમાં વ્યવસાયકારોનાં ફોટા લગાવ્યા છે .તે સ્ક્રુની મદદથી લગાવવું .હવે વર્તુળના ભાગને ફેરવવાથી ચોરસ પૂંઠા પર વ્યવસાયકારોના ફોટા દેખાય એ રીતે કટિંગ કરવો .અને તેની નીચે નામ આવે એ ભાગ કટિંગ કરો .

ઉપયોગીતા :આ વર્કિંગ મોડેલ ની મદદથી વ્યવસાયકારો ની સમજ આપી શકાય .

૪. ટી.એલ.એમ. નું નામ : THE RAINBOW

SUB:ENGLISH

STD .5

સાધન-સામગ્રી :ચાર્ટ પેપર ,પૂંઠું ,સ્કેચ પેન ,પેન્સિલ ,કલર .

ટી.એલ.એમ બનાવવાની રીત: પૂંઠા પર કાર્ડ પેપર લગાવ્યા બાદ તેના પર પેન્સિલ અને કલર વડે મેઘધનુષ્યના વિવિધ રંગો પૂરો .

ઉપયોગીતા:અંગ્રેજી માં કલર ,શબ્દ ,ચિત્ર પરથી વાક્ય બનાવવા ,જેવા મુદ્દાઓ સમજાવી શકાય .

૫. ટી.એલ.એમ. નું નામ : THE CLOCK

SUB:ENGLISH

STD. 6

સાધન સામગ્રી :ચાર્ટ પેપર ,પૂંઠું ,સ્કેચ પેન ,પેન્સિલ ,લેસ ,સતારા .

ટી.એલ.એમ.બનાવવાની રીત :પૂંઠા પર કાર્ડ પેપર લગાવો .ત્યાર બાદ તેના પર પેન્સિલ વડે ઘડિયાળનો યોગ્ય આકાર આપ્યા બાદતેમાં સમય દર્શાવવો .આકાર આપ્યા બાદ તેમાં સમય દર્શાવવો .તેમજ સતારા અને લગાડી ને સજાવવી .

ઉપયોગીતા:વિદ્યાર્થીઓ માં સમય વિશે ની સમજ કેળવાય .

૬. ટી.એલ.એમ. નું નામ : થર્મોસ

વિષય:વિજ્ઞાન અને ટેકનોલોજી

ધોરણ:૬

હેતુ:બાળકો માં સર્જનાત્મક શક્તિ નું નિર્માણ થાય .

સાધન-સામગ્રી :બે પ્લાસ્ટીકની બોટલ ,ચળકતો કાગળ ,છાપા નો કાગળ ,કટર ,રીબીન ,સેલોટેપ .

ટી.એલ.એમ.બનાવવાની રીત:૧.૫ લીટર પ્લાસ્ટીકની બોટલ લઈ ઉપરના ભાગેથી કાપો .ત્યાર બાદ એક ૫૦૦ મી.લી. ની બોટલ લઇ તેના પર ચળકતો કાગળ ચોંટાડો .પછી ,તેના અપર છાપનો કાગળ તેની ફરતે વીંટાળો .અને તેને સેલોટેપ વડે ચીપકાવો .હવે મોટી બોટલમાં તળિયાવાળા ભાગમાં નાની બોટલ મૂકી તેના પર મોટી બોટલનો ઉપરનો ભાગ લગાવી દો . ત્યારબાદ સેલોટેપની મદદથી રીબીન લગાવો . તેમાં ગરમ પદાર્થ ગરમ અને ઠંડો પદાર્થ ઠંડો રહેશે .

સિધ્ધાંત :ઉષ્મા અવાહકના સિધ્ધાંત પર કાર્ય કરે છે .

૭. ટી.એલ.એમ. નું નામ : સમાનર્થી-વિરુદ્ધાર્થી શબ્દ ચાર્ટ

વિષય: ગુજરાતી

ધોરણ :૬ થી ૮

હેતુ /ક્ષમતા: શબ્દ ભંડોળ માં અભિવૃદ્ધિ થાય છે .

સાધન સામગ્રી :પ્લાય સીટ ,સર્કિટ .કાર્ડ સીટ ,કલર .વાયર .સેલ .

ટી.એલ.એમ.બનાવવાની રીત: પ્લાય માંથી મોટો લંબચોરસ આકારનો ટુકડો કાપો .તેના માં સર્કિટ પ્રમાણે ડ્રીલ ની મદથી કાણાં પાડો .કાર્ડ સીટ પર કલર વડે સમાનાર્થી –વિરુદ્ધાર્થી શબ્દ લાખો અને પ્લાય સીટ પર ચોટાડી દો .

ઉપયોગીતા: વિદ્યાર્થી પોતાની રીતે શબ્દો શીખી શકે છે .

**વિ.નોંધ : આવી જ રીતે અમો એ શબ્દ સમૂહ માટે એક શબ્દ ,રૂઢી પ્રયોગો ,અને કહેવતો ના ચાર્ટ બનાવી ને સર્કિટ ગોઠવેલ છે .**

૮. ટી.એલ.એમ. નું નામ : સુર્ય મંડળ (વર્કિંગ મોડેલ )

વિષય:વિજ્ઞાન ટેકનોલોજી /સામાજિક વિજ્ઞાન

ધોરણ :૧ થી ૮

હેતુ : બાળક સુર્ય અને ગ્રહો વિશે જાણે .

સાધન-સામગ્રી :૧૦ મોટા રંગીન બલ્બ ,વાયર ,કળા કલરનું જીલેટીન પેપર પેકેટ ૧૦ ,ચાર્ટ , સ્કેચપેન ,વગેરે

ટી.એલ.એમ.બનાવવાની રીત: એક ઓરડા ની દીવાલ પર લંબગોળ આકાર માં ૧૦ બલ્બ ગોધાવી દો .અને તેને ગ્રહો ના નામ આપો .વાયર થી જોડ્યા બાદ તેની વિશેષતાઓ નું કર પેપર પર વિવર્ણ આપો .અને બાકીની ની જગ્યાએ કળા કલરના જીલેટીન પેપરને ચોંટાડી દો .(જેથી આકાશ જેવું દેખાય )

ઉપયોગીતા:બાળકને સુર્ય ,અને ગ્રહો વિશે જાણકારી આપી શકાય .

સારાંશ:

ઉપરોક્ત ટી.એલ.એમ. સિવાય પણ સી.આર.સી.કક્ષાએ તોરણ ,જીઓબોર્ડ, શરીરના વિવિધ ભાગો ,વિવિધ પ્રોજેક્ટ (ઉદા.તરીકે શહીદ પોથી ,વર્ષાગીતો ,અનાજ સંગ્રહ પોથી ,સ્ક્રેપ બૂક જેવી પ્રવૃતિઓ કરેલ છે .

### ટી.એલ.એમ. ના હેતુઓ

૧.બાળકોની આંતરસૂઝ ,સમજશક્તિ અને માનસિક શક્તિ નો વિકાસ થાય .

૨.વિવિધ વિષયોની સંકલ્પનાઓનું સ્પષ્ટીકરણ સરળતાથી સમજી શકે .

૩.બાળકો વર્ગખંડમાં સતત ક્રિયાશીલ અને પ્રવૃતિશીલ રહે છે .

૪.શૈક્ષણિક કાર્યને રસપ્રદ બનાવી શકાય.

૫.બાળક સ્વ અધ્યયનના વિવિધ કૌશલ્યો હસ્તગત કરે છે .



સમાચાર